# અસ્મદીયમ્

અમારી પરંપરા....



**Smt. J. J. Kundalia Graduate Teachers' College**

Sant Kabir Road, Bedipara, Rajkot (Gujarat)- 360003. Ph. : 0281 - 2701773

Email : jjkbed@gmail.com Blog : jjkbed.blogspot.in Website : www.jjkbed.org

# સંસ્થાના આદ્યસ્થાપક





# સ્વ. શ્રી લાભુભાઈ ત્રિવેદી

સમાજની સેવા નેમ સાથે જીવન સમર્પિત કરી વિદ્યાર્થી આગેવાનથી માંડી યુનિવર્સિટીનાં સેનેટ, સિન્ડિકેટ અને
અંતે વાઇસ ચાન્સેલર સુધીની દીર્ઘ યાત્રામાં હંમેશા સેવા ભાવથીજ જીવ્યા.
શ્રી મહાત્મા ગાંધી ચેરીટેબલ ટ્રસ્ટ અનેક સંસ્થાઓ ઊભી કરી હંમેશા ઊંશક્ષલ બનવાને બદલે ઊંશક્ષલ ખફસચિ
બની રહયા તેમના ભાવો તેમના જ શબ્દોમાં... પ્રણામ... વંદન.

કોઈ એક વખત અંધકાર આગળ આવે, તો કોઈ વખત અજ્ઞાન આવે છે,
કોઈ વખત બંને સાથે પણ આવે છે. એથી શું ?
તમારે તો એમાથીયે માર્ગ કાઢવાનો છે. તમારે તો, પ્રકાશ અને જ્ઞાન સહોદિત દિપક,
જલવંત રાખવાનાં છે. પરોપકાર અને પ્રશંસાના પરિમલ પ્રસરાવવાનાં છે.

–શ્રી લાભુભાઈ ત્રિવેદી

તમારા શુભ સંકલ્પો ચારે દિશાને સર કરશે,
અને તમારા મૂલ્યો જ, અમારું જતન કરશે.

હાર કહો તો હાર, જીત કહો તો જીત.
નાના કહો તો નાના અને મોટા કહો તો મોટા.
ખેલદીલીથી ખેલીએ, હસતાં હસતાં ઝેલીએ ! દોડાય એટલું દોડીએ.
સારા માર્ગે ચાલીએ અને સૌનું સારું ઇચ્છીએ.

–શ્રી લાભુભાઈ ત્રિવેદી

# અસ્મદીયમ્

અમારી પરંપરા




**Smt. J. J. Kundalia Graduate Teachers' College**

Sant Kabir Road, Bedipara, Rajkot - 360003.
Email : jjkbed@gmail.com / Website : jjkbed.org
Blog : jjbed.blogspot.in

# સ્મૃતિ ગ્રંથનાં સ્મૃતિ અંશો


| નં. | અનુક્રમણિકા | કર્તા | પાનું |
|---|---|---|---|
| ૧. | સંપાદકનો સંવાદ | ડૉ. અલ્પેશ જી. નાકરાણી | ૩ |
| ૨. | શુભેચ્છા સંદેશ... | મહાનુભાવો | ૪-૧૪ |
| ૩. | આચાર્યશ્રીની કલમે... | ડૉ. દિવ્યાબેન બી. રાવલ | ૧૫ |
| ૪. | એક વિશિષ્ટ સંયોગ ''પંચામૃત કાર્યક્રમ'' | કોલેજ પરિવાર | ૧૬ |
| ૫. | મહાત્માં ગાંધી ચેરીટેબલ ટ્રસ્ટની સેવા સુવાસ... | ટ્રસ્ટ પરિવાર | ૧૭-૧૮ |
| ૬. | સંસ્થાનાં ભૂતપૂર્વ ઘડવૈયાઓ... | કોલેજ પરિવાર | ૧૯ |
| ૭. | સંસ્થાનું અદ્વિતીય અતીત... | કોલેજ પરિવાર | ૨૦-૨૧ |
| ૮. | Overview of the Current Manpower... | કોલેજ પરિવાર | ૨૨ |
| ૯. | A Brief View of the Institution... | કોલેજ પરિવાર | ૨૩ |
| ૧૦. | Infrastructure | કોલેજ પરિવાર | ૨૪ |
| ૧૧. | Aspergers - બાળક અને વેકેશન... | ડૉ. પારુલ સી. દવે | ૨૫-૨૬ |
| ૧૨. | કેળવણીઃ સર્વાંગી વિકાસનું માધ્યમ... | ડૉ. નિશા સી. રાણીગા | ૨૭ |
| ૧૩. | ચુંબકિત વ્યક્તિત્વનો સ્વામિઃ શિક્ષક... | પ્રા. ઇલા પી. વિરાણી | ૨૮ |
| ૧૪. | વ્યક્તિ વિશેષની સાથે... | કોલેજ પરિવાર | ૨૯ |
| ૧૫. | વર્ષ ૨૦૧૨-૧૩ પ્રવૃતિઓનો ધબકાર... | કોલેજ પરિવાર | ૩૦-૪૦ |
| ૧૬. | For Meaningful and Effective Teaching a Teacher can do... | ડૉ. ચિરાગ એચ. માઢક | ૪૧-૪૨ |
| ૧૭. | Who will cry When a Teacher dies? | ડૉ. અલ્પેશ જી. નાકરાણી | ૪૩-૪૪ |
| ૧૮. | વિદ્યાર્થીને... | પ્રા. ભરતભાઇ પાઠક | ૪૫ |
| ૧૯. | વિદ્યાર્થીઓનાં શબ્દે-શબ્દે સરસ્વતી... | પ્રશિક્ષાર્થીઓ | ૪૬-૫૦ |
| ૨૦ | ભૂતપૂર્વ વિદ્યાર્થીઓની સિદ્ધિ યાત્રાઃ સંસ્થાનું ગૌરવ... | ભૂતપૂર્વ પ્રશિક્ષાર્થીઓ | ૫૧-૫૮ |



## સંપાદકનો સંવાદ

"If God wanted you to look back he would have given you eyes at the back of your head"

સમયના વહેણમા સતત વહયા કરવાનું, સતત ઉચા–નીચા ઢોળાવને ખાળવાના અને સતત સામી નજર તાકી ભવિષ્યને આખોમા રમાડવાનુ સૂચન કરતી ઉપરોકત પંકિતને સાર્થક કરતા કોલેજનાં આ વિશિષ્ટ સ્મૃતિઅંકને શિક્ષણ જગત સમક્ષ રજૂ કરતા અત્યંત ગૌરવ અને આનંદ અનુભવું છું. સંસ્થા આદ્યસ્થાપક સ્વ શ્રી લાભુભાઇ ત્રિવેદીની દ્રષ્ટીઅને ભાવનાને સંસ્થા અંજલિ અર્પે છે.

પ્રસ્તુત શબ્દદેહ એક વિશિષ્ટ સંજોગે સર્જિત થયો છે. શ્રીમતિ જે.જે.કુડલિયા ગ્રેજયુએટ ટીચર્સ કોલેજ વર્ષોથી પોતાની અભિવ્યકિતને શબ્દસ્વરૂપ આપતી રહી છે. આ પરંપરામા પ્રસ્તત અભિવ્યકિત તેમા રજૂ થયેલ માત્ર વિચારો જ નહી પણ અનેકોની લાગણીઓ અને ગૌરવગાથાનો નિચોડ છે.

વર્ષ ૨૦૧૩–૧૪ માં ડો. સર્વપલ્લી રાધાકૃષ્ણનની ૧૨૫મી જન્મજયંતિ હોય તે વર્ષને અવિસ્મરણીય બનાવવાનો પ્રેરક વિચાર સંસ્થાના કાર્યકારી આચાર્યા શ્રી ડો.દિવ્યાબેન બી. રાવલને સ્ફૂરીત થયો અને જન્મ થયો ''પંચામૃત'' કાર્યક્રમનો. આ કાર્યક્રમ અંતર્ગત પાંચ કાર્યક્રમોમાં ડો.સર્વપલ્લી રાધાકૃષ્ણનની ૧૨૫મી જન્મજયંતિની વર્ષભર ઉજવણી, રાષ્ટ્રીય પરિસંવાદ, સંસ્થાને સમાજમાં પોતાની પ્રતિભા થકી નેતૃત્વ પુરુ પાડનારા ભૂતપૂર્વ વિદ્યાર્થીઓનું સન્માન પોતાની શિક્ષણ સમર્પિત સુદીર્ધ યાત્રાને વય મર્યાદાને લીધે નિવૃત્તિરૂપી વિરામ આપી રહેલ સંસ્થાના અધ્યાપિકા અને કાર્યકારી આચાર્યા શ્રી ડો. દિવ્યાબેન બી. રાવલ વિદાયમાન કાર્યક્રમ અને પ્રસ્તુત સ્મૃતિગ્રથનું વિમોચન નિર્ધારિત કરાયા.

પ્રસ્તુત અંકમાં માત્ર પ્રવર્તમાન પ્રશિક્ષાર્થીઓ જ નહી પણ સંસ્થાની સ્થાપનાના વર્ષ ૧૯૭૭ થી માડી આજ સુધી સંસ્થાને ગૌરવ પ્રદાન કરી સમાજને પોતાની વિશિષ્ટ સેવા આપનાર સર્વ ભૂતપૂર્વ વિદ્યાર્થીઓનાં પ્રદાનનો ઉલ્લેખ કરી શબ્દોની ગરિમા વધારી છે.''પંચામૃત કાર્યક્રમ'' માટે આર્થિક અને અન્ય પ્રકારે સહયોગ આપી પોતાનું સંસ્થા ઋણ અદા કરનાર સૌનો આ તકે મહાત્મા ગાંધી ચેરીટેબલ ટ્રસ્ટ અને સંસ્થા વતિ આભાર વ્યકત કરું છું. સંસ્થાના ઈતિહાસનાં વિશાળ પરીપ્રેક્ષ્યમાં સંપર્ક શકય બનેલ સૌનો સમાવેશ કરવાનો પ્રયાસ કરેલ છે છતા પોતાની નિષ્ઠા અને આત્માથી સમાજને સમર્પિત ઉલ્લેખ ન પામેલ સૌને આ તકે યાદ કરી સન્માન અર્પુ છું.

પ્રસ્તુત સ્મુતિગ્રંથને શબ્દ અને ચિત્રદેહ આપવામાં આચાર્યા ડો. દિવ્યાબેનની બી. રાવલ તેમજ મારા સાથી અધ્યાપક મિત્રો ડો.પારૂલબેન દવે, ડો.નિશાબેન રાણીગા, ડો. ચિરાગભાઇ માઢક તથા કમ્પ્યુટર લેબ સંયોજકશ્રી સલમાનભાઇનાં ખંતપૂર્વકનાં સહયોગ બદલ આભાર દર્શિત કરું છું. અધ્યાપકો સહ સૌ પ્રશિક્ષણાર્થીઓની અભિવ્યકિતએ પ્રસ્તુત અંકને વૈચારિક વૈવિધ્ય પ્રદાન કર્યુ છે.

વર્ષ ૨૦૧૨–૧૩નાં પ્રશિક્ષણાર્થીઓએ સંસ્થાને સતત ધબકતી રાખી હતી જે ધબકાર અહી યોગ્ય રીતે જીલવામાં આવ્યો હશે એવી આશા રાખુ છું. સંપાદનકાર્ય શિક્ષક જીવનની પરોઢે નિભાવવામા કશી ક્ષતિ રહી ગઇ હોય તો ક્ષમા કરશોજી....

સૌ શિક્ષણ જીવોને સમર્પિત....

સંપાદક
**ડો. અલ્પેશ જી. નાકરાણી**
M. 9727 669462

# શુભેચ્છા સંદેશ

**BHUPENDRASINH CHUDASAMA**



No.Edu(P&S).H&T.Law.&Jus.F&CS,Pan/ /2013

**Minister,**
**Education (Primary, secondary and adult), Higher and Technical Education, Law and Justice, Food, Civil Supplies and Consumer affairs, Panchayats, Rural Housing, Rural Development**
Government of Gujarat,
Swarnim Sankul-1, 2nd Floor,
New Sachivalaya, Gandhinagar-382010

E-mail: min-education@gujarat.gov.in

**Date: 14 /10 / 2013**

## MESSAGE

I glad to know that Smt. J. J. Kundalia Graduate Teachers' College, Rajkot is going to organize the "Panchamrut Karyakram" on 19-20th, Oct. 2013. I wish them grand success to the programme. It is very heart touching to know that you are celebrating 2013-14 year as 125th birth anniversary of Dr. Sarvepalli Radhakrishnan. on this occassion the college is also going to organize National Seminar on very contemporary theme of " Changes and Challenges in Teacher Education ". I hope the National Seminar and the whole programme give beneficial outcome to educational community and society at large. I heartily congratulate the Managing Trustee, Principal and all the staff members of the college.

**(Bhupendrasinh Chudasama)**

**To,**
**Dr. Divya B. Raval**
Principal and Seminar Director,
Smt. J.J. Kundaliya Graduate Teacher's College,
Rajkot

**Office Phone :** 079-23250116 to 23250119, 23238076, 23243389 **Fax:** 23250120
**Residence:** Bunglow No. 10, Minister's Residence Sc.
**Ph (R)** 079-23259600, 23259598, 23259603, 23222617
**E-mail :** min-education@gujarat.gov.in

# શુભેચ્છા સંદેશ



ડો.એમ.કે.પાડલિયા

સૌરાષ્ટ્ર યુનિવર્સિટી

યુનિવર્સિટી કેમ્પસ, રાજકોટ - ૩૬૦ ૦૦૫. ગુજરાત.
ફોન : (ઓ.) +૯૧(૨૮૧)-૨૫૭૭૬૩૩,
(રે.) +૯૧(૨૮૧)-૨૪૩૧૭૨૦,
ફેક્સ : +૯૧(૨૮૧)-૨૫૭૬૮૦૨,
મો. +૯૧ ૯૦૯૯૯ ૭૯૭૨૦
Email : vc@sauuni.ernet.in

પ્રતિ,
પ્રિન્સિપાલ,
શ્રીમતી જે.જે.કુંડલિયા ગ્રેજ્યુએટ ટીચર્સ કોલેજ,

મહાત્મા ગાંધી ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત શ્રીમતી જે.જે.કુંડલિયા ગ્રેજ્યુએટ ટીચર્સ કોલેજ, રાજકોટ ‘પચામૃત કાર્યક્રમ’ હેઠળ એક સોવેનિયરનું પ્રકાશન કરવા જઇ રહી છે તે જાણી મને આંનદ થયો આપની સંસ્થા પોતાનાં સફળ વિકાસ યાત્રાથી યાદગાર પ્રવૃત્તિઓનું પ્રકાશન કરવા જઇ રહેલ છે એ સૌ કોઇને જરૂર ઉપયોગી બની રહેશે તેમજ આજનાં પડકારરૂપ સમયમાં સંસ્થાને આગળ લઇ જવા માટે કોલેજ પરિવારનાં સૌ પૂરી ક્ષમતાથી કામ કરશે એવી મને શ્રદ્ધા છે.

એકવીસમી સદીએ વિજ્ઞાન અને ટેકનોલોજીની સદી તેમજ શિક્ષણ માટે પરિવર્તન અને વિકાસની સદી છે. સંસ્થાનાં સમગ્ર પ્રાધ્યાપગણ મહેનતુ, શિક્ષણપ્રેમી અને પ્રગતિશીલ છે તેનો મને આંનદ છે.

આપની સસ્થા ઉત્તરોત્તર પ્રગતિ કરતી રહે અને વધુ ને વધુ વિકાસ પામે એવી શુભેચ્છા સાથે હાર્દિક અભિનંદન પાઠવુ છું.

ડૉ. એમ.કે. પાડલિયા

# શુભેચ્છા સંદેશ



**ડો.મનસુખભાઈ જોષી**
મેનેજીગ ટ્રસ્ટી,
મહાત્મા ગાંધી ચેરીટેબલ ટ્રસ્ટ,
રાજકોટ

પ્રતિ,
પ્રિન્સિપાલ,
શ્રીમતી જે.જે.કુંડલિયા ગ્રેજ્યુએટ ટીચર્સ કોલેજ,

શ્રીમતી જે.જે.કુંડલિયા ગ્રેજ્યુએટ ટીચર્સ કોલેજ તા. ૧૯–૨૦મી ઓકટોબર ૨૦૧૩ ના રોજ 'પંચામૃત કાર્યક્રમ' નુ આયોજન કરેલ છે સંસ્થા હંમેશા શિક્ષણનું સંરક્ષણ, સંવર્ધન અને સંવહન નુ કાર્ય સુપેરે પાર પાડી રહી છે તે બદલ હું આનંદ અને ગૌરવની લાગણી અનુભવુ છું. આ સંસ્થા પ્રવર્તમાન સમયની માંગને અનુરુપ સુસજ્ઞ શિક્ષકો નુ ઘડતર કરી સામાજિક ઉતર દાયીત્વ નીભાવી રહી છે.

સંસ્થાના આચાર્યા ડો. દિવ્યાબેન બી. રાવલ અને સૌ પ્રાધ્યાપક મિત્રોને 'પંચામૃત કાર્યક્રમ' ની સફળતા માટે શુભકામનાઓ પાઠવુ છું.

વર્ષ ૨૦૧૩–૧૪ના પ્રશિક્ષાર્થીઓને ઉત્તરોત્તર પ્રગતિની હાર્દિક શુભકામના સહ...

**ડો.મનસુખભાઈ જોષી**
મેનેજીગ ટ્રસ્ટી,
મહાત્મા ગાંધી ચેરીટેબલ ટ્રસ્ટ,
રાજકોટ

# શુભેચ્છા સંદેશ



**ડો.અલ્પનાબેન એલ.ત્રિવેદી**
ટ્રસ્ટી
મહાત્મા ગાંધી ચેરીટેબલ ટ્રસ્ટ
રાજકોટ.

આચાર્યા, ડો.દિવ્યાબેન રાવલ, જે.જે. કુડલિયા ગ્રેજ્યુએટ ટીચર્સ કોલેજ,રાજકોટ.

આપણી સાસ્કૃતિક ચેતનાનુ એક મહત્વનુ પરીબળ ભારતીય શિક્ષણ પદ્ધતિ છે. આ શૈક્ષણિક મુલ્યોને ચરિતાર્થ કરવાનો પ્રયત્ન હર હમેશ આપ તથા સસ્થાના સ્ટાફ પરીવાર દ્વારા સતત થતો રહ્યો છે. ‘‘પચામૃત કાર્યક્રમ’’ હેઠળ સોવેનિયરનુ પ્રકાશન થઇ રહ્યુ છે. આ માહિતીભર સોવેનિયર માટે આચાર્ય તથા સમગ્ર સ્ટાફ પરીવારને મારા ખૂબ ખૂબ અભિનદન સાથે હાર્દિક શુભેચ્છા....

**ડો.અલ્પનાબેન એલ.ત્રિવેદી**
ટ્રસ્ટી
મહાત્મા ગાંધી ચેરીટેબલ ટ્રસ્ટ
રાજકોટ.

# શુભેચ્છા સંદેશ



**ડો. ભરતભાઈ રામાનુજ**
અધ્યક્ષશ્રી તથા એસોસીએટ પ્રોફેસર
શિક્ષણશાસ્ત્ર ભવન
સૌરાષ્ટ્ર યુનિવર્સિટી,
રાજકોટ-૩૬૦ ૦૦૫.

શ્રીમતી જે. જે. કુંડલીયા ગ્રેજયુએટ ટીચર્સ કોલેજ, રાજકોટ અસ્મદીયમનું પ્રકાશન કરી રહી છે તે જાણીને આનંદની લાગણી અનુભવું છું. કોઈપણ વ્યક્તિ/પોતાની ભૂતકાળની બાબતોને તો જ સ્મૃતિપટ પર લાવે, જો તે સુખદ હોય. શ્રીમતી જે. જે. કુંડલિયા બી.એડ્. કોલેજ પોતાનાં સ્થાપનાકાળથી આજ સુધીની વિગતો/પ્રવૃતિઓનું પ્રકાશન કરી રહી છે ત્યારે મારી જેવા અનેક લોકોને એવી લાગણી થશે કે અમારા જીવનનાં કોઈ એક પૃષ્ઠનું પ્રકાશન થઈ રહયું છે. આ માત્ર પ્રવૃતિઓ કે વિગતોનું માત્ર પ્રકાશન થઈ રહયું નથી, પરંતુ આ સંસ્થામાં સૌએ પસાર કરેલા સંસ્મરણોનું પ્રકાશન થઈ રહયું છે. આ ગ્રંથ સૌને ઉપયોગી થશે તેવી શ્રદ્ધા સાથે શુભેચ્છા પાઠવું છું.

**ડો. ભરતભાઈ રામાનુજ**
અધ્યક્ષશ્રી તથા એસોસીએટ પ્રોફેસર
શિક્ષણશાસ્ત્ર ભવન
સૌરાષ્ટ્ર યુનિવર્સિટી,
રાજકોટ-૩૬૦ ૦૦૫.

# શુભેચ્છા સંદેશ



**Dr.D.K. GHOSH**
(M.Sc., Ph.D.)

" SAURASHTRA UNIVERSITY "
Professor and Head
Adjunct Professor
Director: Internal Quality Assurance Cell

To,
Principal and Seminar Director,
Smt. J.J. Kundalia Graduate Teachers' College, Rajkot.

it is pleasure to know that your organization Smt. J. J. Kundalia Graduate Teachers' College, Rajkot is going to organize two days from 19-20th October, 2013, a "Panchamrut karyakram"

I am sure with this two days programme, students as well as faculty members will be academically benefitted. Such program encourages the academicians to get together and further discuss how to solve and improve the challenges of academic struggle especially in higher education.

I wish all the grand success for the two days program at your college.

Dr. D.K. Ghosh
Director,
IQAC

# શુભેચ્છા સંદેશ





**ડો.કલાધર આર્ય**
પ્રોફેસર-ડાયરેકટર

શ્રીમતિ સી.આર.ગાડી એકેડેમિક સ્ટાફ કોલેજ
સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ- ૩૬૦ ૦૦૫.

''પચામૃત કાર્યક્રમ'',...સમારંભનુ શિર્ષક જ શિક્ષણ પ્રશિક્ષણ સંસ્થાના સર્વગ્રાહી પણાના દર્શન કરાવે છે. જે શૈક્ષણિક સ્કૂલમાં મને મારી જિજ્ઞાસાનુ સમાધાન પ્રાપ્ત થયુ, તે શ્રીમતિ જે.જે. કુંડલિયા ગ્રેજયુએટ ટીચર્સ કોલેજ,-રાજકોટના આગણે, શિક્ષણ જગતની શોભા વધારનાર અને સસ્મરણોને સાર્વેત્રિક સ્વરૂપ આપનાર ''પચામૃત કાર્યક્રમ'' પ્રસગે પ્રકાશિતથનાર સ્મૃતિગ્રંથમા, શબ્દદેહે સ્થાન પામનાર જ્ઞાન,શિક્ષણ જગતના સારથિઓ,...ભાવિ શિક્ષકો,...વિદ્યાર્થીઓ અને બહુજન સમાજ માટે દીવાદાંડીનુ કાર્યકરશે તેવી શ્રદ્ધા છે.

અતઃ કરણની શુભકામનાઓ સાથે વિરમુ છું.

પ્રેમવશ,....



ડો.કલાધર આર્ય

# શુભેચ્છા સંદેશ



Taraben Shah
B.Sc.,M.Ed.

" Trupti"
2-Gita Nagar,Rajkot -2
Ph.: 6536387

Dear Divyaben,

Thank you very much for your invitaion to attend the seminar on " Changes and Challenges in Teacher Education "

Yes, it is quite appropriate to think of changes and challenges and form a new format for Teacher Education.

Our country is fast changing in many spheres, like poverty elevation, literacy, health and social wellbeing. Education is also fast expanding from richer to poorer people, so it is quite fair to think the challenge that face the fast expansion of edcation and the Teacher education.

last time, as per as i remember it was in 1985, the Education Policy was renewed, under the leadership of then Prime minister Rajiv gandhi. Our college was Fortunate to effectively conduct four sessions of its training in the new policy. A new curriculum in Teacher Education was evolved soon afterwards, with the hard work and team spirit of the staff; we could make that a success.

Now, again with the co-ordination of IQAC, Saurashtra University, our college is to conduct a Seminar on Nationl Level.

I wish all success to the seminar and also a great and valuable future for the college.

I also congratulate the all staff member, trustees, who are working for the progress of the college.

# શુભેચ્છા સંદેશ



**Dr. Yagneshbhai Joshi**
Sundicate Membar
Saurashtra Uni. and Principal
Smt. J.J. Kundalia Arts and Commerce College, Rajkot.

To,
Principal,
Smt. J. J. Kundalia Graduate Teachers' College, Rajkot.

સંસ્થા રાષ્ટ્રીય કક્ષાનો સેમીનાર અને ભૂતપૂર્વ વિદ્યાર્થીઓનુ સન્માન સાથે અસ્મદીયમ્ નુ પ્રકાશન કરી રહી છે ત્યારે મને ગૌરવ અને આનંદ થાય છે. સાથે આચાર્યાશ્રી ડો. દિવ્યાબેન બી. રાવલ નો નિવૃત્તિ વિદાય છે. ખાસ કરીને આ સંસ્થાનો હું વિદ્યાર્થી રહી ચુક્યો છું. સંસ્થાને મારી ખુબ–ખુબ શુભકામનાઓ છે.

સંસ્થાના પરિવારને સૌ સભ્યોને હાર્દિક શુભકામનાઓ અને ઉત્તરોત્તર પ્રગતિ કરે એવી શુભકામનાઓ.

**Dr. Yagneshbhai Joshi**
Sundicate Membar
Saurashtra Uni. and Principal
Smt. J.J. Kundalia Arts and Commerce College, Rajkot.

# શુભેચ્છા સંદેશ



**Dr. Daudbhai A. Ghanchi**

To,
Principal,
Smt. J. J. Kundalia Graduate Teachers' College, Rajkot.

Smt. J. J. Kundalia Graduate Teachers' College, Rajkot is one of the leading colleges of education of Gujarat. The national seminar on October 19th , 2013 adds one more feather in its cap for which the college fraternity deserves congratulations.

It is very pertinent in the present scenario of the public life of the country to invoke the national perspective of viewing education as a nation building adventure. The country is already on the fast track of all round development for which it needs very competent human resource particularly out of huge demographic dividend of its youth. The country needs young people with a spirit of mission to make a difference in the contemporary life pattern of the people.

And to shape such human resource, we need teachers for our education system that has innovative bend of mind such mindset can be shaped by teachers themselves if they have been exposed to challenging teacher education of world class quality. This exactly is the sacred task for teacher educators today.

I hope this national seminar will generate new optimism in the participants and inspire them to embark on a mission to regenerate the teacher education programme in their respective institutes which hopefully will cumulatively build up a throbbing national ethos for quality teacher education in the country.

With good wishes for the seminar

Place: Kalol Dr. D. A. Ghanchi
Date: 30/10/2013

Former vice-chancellor,
Hemchandracharya North
Gujarat University, Patan.

## શુભેચ્છા સંદેશ



**Dr. Shirishbhai T. Kapadiya**
Ex. Director, School of Education, Psy. & Philosophy

To,
Principal
Smt. J.J. Kundakua Graduate Teachers College, Rajkot

Globalization , which has set in with the turn of the millennium , has led to unprecedented challenges in education at all levels . The changing connotations of society and its traditional establishments necessitate changes in education which is said to be a key factor in building up, sustaining and, from time to time , reforming society. Teacher educators have a major role to play in building up a new society imbibing established values in new ethics .

Its a matter of joy , satisfaction as well as hope that such a seminar is held by college to discuss the most relevant issues of the town. I congratulate the principal and the staff for organizing this national seminar which i am sure will open up new dimensions to meet the challenges in teacher education . I also congratulate the management of the college for encouraging and supporting such an academic venture .

Professor (DR)Shrish T Kapadia

# આચાર્યશ્રીની કલમે



**ડો.દિવ્યાબેન બી. રાવલ**
આચાર્યશ્રી
શ્રીમતી જે.જે. કુંડલિયા ગ્રેજ્યુએટ
ટીચર્સ કોલેજ, રાજકોટ.

૧લી જુલાઈ ૧૯૮૩ થી મેં મારી સરસ્વતી પૂજા શરુ કરી જે આજ દિન સુધી અખંડ ચાલી છે. ભણવું અને ભણાવવાનું ઝનૂન હંમેશા રહ્યું, તેથી જ પારિવારિક જવાબદારીઓ અને નાદુરસ્ત તબિયત થઈ ગઈ પછી પણ ભણાવવું એ પ્રિયતર શોખ રહ્યો. મહાવિદ્યાલયના પ્રથમ દિવસથી અત્યાર સુધીનાં સંસ્મરણો લખુ તો પુસ્તક લખાય અને અહિં પુસ્તક નથી લખવાનું એની મને ખબર છે. પ્રિ. તારાબેન શાહ, સ્વ. ઝાલા સાહેબ, વ્યાસ સાહેબ, સ્વામી સાહેબ, કેશુભાઈ, રાઠોડ, દોંગા સાહેબ, સુરાલીનબેન, શર્મિષ્ઠાબેન બકુલભાઈ રાઠોડ, દલપતભાઈ રાઠોડ આ બધા જ વડીલોની છાયા અને હુંફ સાથે મેં મારી કારકીર્દિ શરૂ કરી. આ બધા જ મારે મન અત્યંત આદરણીય છે, વંદનીય છે. પણ બધાનામ આગળ મેં કોઈ આગમ એટલે નથી મૂક્યા કે આ પરિવાર છે અને પરિવારની વ્યક્તિઓ માટેનો આદર આપણી આખમાં હોય છે.

મહાત્મા ગાંધી ચેરિટેબલ ટ્રસ્ટની પ્રવૃત્તિઓ હંમેશા ઉમદા રહી છે. કર્મચારીઓને કાર્ય કરવાની, વિચારો અભિવ્યક્ત કરવાની સ્વતંત્રતા અને જરૂર પડયે યોગ્ય માર્ગદર્શન તેમજ દરેક પ્રકારની મદદ મળવાને લીધે જ કોલેજ આ પ્રગતિ કરી શકી છે.

ટ્રસ્ટ સાથેનાં ઘણાં સંસ્મરણોમાં જોઈએ શ્રી લાભુભાઈ ત્રિવેદી સાથેનો એક હૃદય સ્પર્શીપ્રસંગ તેમના સ્વભાવત ઉદાતત્તા દર્શાવે છે. ટ્રસ્ટમાં ઈન્ટરવ્યૂ આપ્યા પછી મારી અઢી વર્ષની દીકરી ઋજુ સાથે હું શ્રી લાભુભાઈને મળવા ટ્રસ્ટની ઓફિસે આવી. હંમેશની ટેવ મુજબ તેઓ બહાર જ સદ્‌ગુરૂ પ્રાથમિક શાળામાં બેસે છે. તે કમાનમાં પતરાની ખુરશીમાં બેઠા હતાં. સામે બીજી ખુરશી હતી તેમાં હું બેઠી હતી. વાત ચાલતી હતી ત્યાં શ્રી લાભુભાઈને કોઈએ બોલાવ્યા એટલે તેઓ ઉભા થઈને અંદર ગયા અને ઋજુ તેમની ખુરશી ઉપર દોડીને બેસી ગઈ હું તેને 'ઊભી થઈ જા ત્યાં ન બેસાય, દાદાની ખુરશી છે.' એમ કહી બોલાવતી રહી ત્યાં શ્રી લાભુભાઈ પાછા આવ્યા અને મેં ઋજુને જરા વઢીને ઉભા થઈ જવા કહ્યું પણ શ્રી લાભુભાઈ મને કહે બેન, એને ઉભી ન કરો ભલે ત્યાં બેઠી પણ મારા વિનય–વિવેકને આ ગ્રાહ્ય ન હોય એ સ્વાભાવિક છે. પણ શ્રી લાભુભાઈએ બીજી ખુરશી મંગાવી ત્યાં સુધી ઋજુ બેઠી રહી હું અને શ્રી લાભુભાઈ બન્ને ઉભા રહ્યા પણ .... શ્રી લાભુભાઈએ જે નિર્ણાયક રીતે ઋજુને ઉઠાડવાની ના પાડી, મારી સ્થિતિ ક્ષોભજનક હતી, પણ મનથી એમને હું પ્રણામ કરતી રહી. બાળકો શ્રી લાભુભાઈને અત્યંત વહાલા હતાં. બાળકો માટે તેઓ હંમેશા 'લાભુસર' હતાં. આ અનુભવ પણ પછીથી મને થયો. મેનેજીંગ ટ્રસ્ટી તરીકેની આ ઉદાત્તતા અપવાદરૂપ છે. પ્રણામ લાભુભાઈ!

શરૂઆતમાં જ સ્ટાફ રૂમના ટેબલ ઉપર નક્કી કર્યું હતું કે, શિક્ષણ જગતનાં દુષણોથી આ કોલેજને બાકાત રાખીશું અને ગમે તે સંજોગોમાં કોલેજનું શિક્ષણકાર્ય બંધ નહીં જ રહે. કયારેય વિદ્યાર્થીઓને અભ્યાસક્રમ જાતે કરી લેજો એવું કહ્યું નથી. અમારે ત્યાં ટ્રસ્ટીઓનાં સંતાનો પણ ભણ્યા છે એમને પણ નિયમથી ઉપર કોઈ સવલત મળી નથી, જો કે એ લોકોએ વિશેષ સુવિધાઓ માંગી પણ નથી... આ લખવું સહેલું છે પણ અધ્યાપકો અને વિદ્યાર્થીઓને ઉભયપક્ષે આ સિદ્ધાંતો ચરિતાર્થ કરવા અઘરા છે અને આ કોલેજમાં આ સિદ્ધાંતો ચરિતાર્થ થયા છે એમ લખતા હું ગૌરવની લાગણી અનુભવું છું અને એટલે જ આ કોલેજમાં યુનિવર્સિટીમાં પ્રથમ ક્રમાંક મેળવનારઓની એક લાં....બી યાદી છે. ધીરે ધીરે અધ્યાપકો નિવૃત્ત થતાં ગયા પછી ગુણવત્તામાં કયારેય ઘટાડો ન થયો. NAAC માં B-grade અને AAA માં દરેક વખતે A-grade આ વાતને પ્રતિબિંબત કરે છે.

કોલેજ શરૂ થઈ ત્યારે ટાંચા સાધનો હતાં આજે પૂર્ણરૂપે માળખાકીય સુવિધાઓથી કોલેજ સજ્જ છે એ વિકાસ પણ મનને પ્રફુલ્લિત કરે છે.

પ્રથમ વખત રાષ્ટ્રીય કક્ષાનો સેમિનાર થવા પણ જઈ રહ્યો છે. પ્રથમ વખત અત્યાર સુધીના વિદ્યાર્થીઓ કે જેઓ પોત પોતાના ક્ષેત્રમાં નેતૃત્વ કરે છે તેમનું સન્માન થઈ રહ્યું છે. આ એક માનદંડ છે, એનાથી ઓછું તો હવે કાંઈ નહીં. અહિંથી હવે આગળ વધવાનું છે. અનુદાનિત કોલેજ હોવાને લીધે કેટલીક સમસ્યાઓ પણ છે અને રહેશે. કોડિયાનો પ્રકાશ દીવાળી માટે શુકન ગણાય છે. કોડિયું જલતું રાખવાનું છે. જયોતથી જયોત પ્રગટાવવાની છે. સમર્પણનું સ્નેહ (તેલ) અનિવાર્ય છે. પરિવર્તન માટે પડકારો ઝીલીને આગળ વધીએ... શુભાસ્તે પંથા નઃ શિવાસ્તે પંથા નઃ

–દિવ્યાબેન રાવલ

# એક વિશિષ્ટ સંયોગઃ "પંચામૃત કાર્યક્રમ"

શ્રીમતી જે.જે. કુંડલિયા ગ્રેજયેએટ ટીચર્સ કોલેજ એક શિક્ષક પ્રશિક્ષણ સંસ્થા છે. સંસ્થાનુ દયેય સારા શિક્ષકો ઘડી સમાજસેવા કરવાનુ છે. પ્રસ્તુત અસ્મદીયમ્ સ્મૃતિ ગ્રંથ એક વિશિષ્ટ સયોગના પરીવાક્ રૂપે પ્રાપ્ત થઈ રહ્યો છે. સંસ્થા પ્રવૃતિઓથી સતત થનગનતી રહે અને ભાવિ શિક્ષકોનુ શૈક્ષણિક દષ્ટિએ તેમજ વ્યાવસાયિક સજજતા હેતુ વિવિધ પ્રયાસો થતા રહ્યા છે.

શિક્ષક પ્રશિક્ષણ સંસ્થા તરીકે આત્મનિષ્ઠ શિક્ષક ડો. સર્વપલ્લી રાધાકૃષ્ણનની ૧૨૫મી જન્મજયંતિ વિશિષ્ટ રીતે ઉજવળોનો નિઘોર કર્યો, સંસ્થામાં નિમ્ન પાંચ વિચારને લઇને કાર્મક્રમનું ગકન કરાયું.




"જેમ શિક્ષક આપણને પાઠ શીખવે તેમ આપણે મન ને પાઠ શીખવવાનાં કેઃ 'હું કહું તે ગમાડ તો મન તો આપણે કહીએ તેમ કરે...' "



ડોલરરાય માંકડા (આચા-વિચારનાં સંપૃકત શિક્ષક) ૧૯૦૨-૧૯૭૦

# મહાત્મા ગાંધી ચેરીટેબલ ટ્રસ્ટની સેવા સૂવાસ

રાજકોટ શહેર અને સમગ્ર સૌરાષ્ટ્રના શિક્ષણ ક્ષેત્રે છેલ્લા ૪૮ વર્ષથી અવિરણતપણે શિક્ષણ વિકાસ માટે ભગીરથ પુરુષાર્થ દ્વારા ગૌરવભરી પ્રતિષ્ઠા શ્રી મહાત્મા ગાંધી ચેરીટેબલ ટ્રસ્ટે હાંસલ કરી છે. ખાસ કરીને ટ્રસ્ટના આદ્યસ્થાપક ગુરુ સ્વ.શ્રી લાભુભાઇ ત્રિવેદી દ્વારા સ્થપાયેલ અને વિકસાવેલ સંસ્થાઓએ અવિરત પ્રગતિ સાધી છે.

અહી. આગળ પાને આપેલ રેકરો ઉમેરવો.

ટ્રસ્ટની કુલ ૨૭ વિવિધ શૈક્ષણિક વિદ્યાશાખા સંબધિત સંસ્થાઓ કાર્યરત છે. આ ઉપરાંત સેવા યજ્ઞ તો શરૂ જ હોય છે જેમા રકતદાન શિબિરો, આરોગ્ય શિબિર, રાહતકાર્યો, અપંગ તથા રકતપિતમૂકત દર્દીઓને પુનઃ વસન સાધન સહાય, અનાથ આશ્રમો, વૃદ્ધાશ્રમોને સહાય, વનસ્પતિપ્રદર્શન વગેરેનો પ્રવાહ સતત નિઃ સ્વાર્થ ભાવે વહેતો રાખે છે. ટ્રસ્ટના ભૂતપૂર્વ ચેરમેન સ્વશ્રી જયંતિભાઇ કુંડલિયાના સિંચનથી ટ્રસ્ટની સેવા સુવાસ વધુને વધુ પ્રસરી છે.

પ્રવર્તમાન મેનેજીંગ ટ્રસ્ટી શ્રી મનસુખભાઇ નું સરળ, સહજ, હકારાત્મક વલણ હંમેશા જોમ પુરુ પાડે છે. ટ્રસ્ટી શ્રી ડો. અલ્પનાબેન ત્રિવેદીનું સદાયે સ્મિત વેરતુ મુખ, કાર્ય કરવાની તમન્ના, નિષ્ઠા વધારે છે. સંસ્થાની પ્રગતિ લક્ષી દરેક પ્રવૃત્તિઓમાં તેમનો મજબુત આધાર અમોને સદાયે સમાજને વિશિષ્ઠ યોગદાન માટે પ્રવૃત રાખે છે.

## ટ્રસ્ટી મંડળ



**શ્રી મનસુખભાઇ જોષી**
મેનેજીંગ ટ્રસ્ટી



**શ્રી અશ્વીનભાઇ ત્રિવેદી**
ટ્રસ્ટી



**ડો. અલ્પનાબેન ત્રિવેદી**
ટ્રસ્ટી



**ડો. ઉર્મિલાબેન પટેલ**
ટ્રસ્ટી



" વિદ્યાર્થીનિ ઘડવો-ધાર આપવો પરંતું કેવળ પ્રેમથી વાત્સલ્યથી... "

બચુભાઇ (માનવતાનો મહેરામણ) ૧૯૦૬-૨૦૦૦

# મહાત્મા ગાંધી ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા સંચાલિત સંસ્થાઓ

| ક્રમ | સંસ્થા | સ્થાપના વર્ષ |
|---|---|---|
| ૧ | કસ્તુરબા પ્રાથમિક વિદ્યાલય | ૧૯૬૫ |
| ૨ | લાલ બહાદુર શાસ્ત્રી પ્રાથમિક વિદ્યાલય | ૧૯૬૬ |
| ૩ | લાલ બહાદુર શાસ્ત્રી વિદ્યાલય બોયઝ હાઈસ્કૂલ | ૧૯૬૬ |
| ૪ | શ્રીમતી જે.જે. કુંડલિયા કોમર્સ કોલેજ | ૧૯૬૯ |
| ૫ | લાલ બહાદુર શાસ્ત્રી કન્યા વિદ્યાલય | ૧૯૭૦ |
| ૬ | સરદાર પટેલ પ્રાથમિક (હાઈસ્કૂલ) | ૧૯૭૦ |
| ૭ | સરદાર પટેલ પ્રાથમિક વિદ્યલાય | ૧૯૭૦ |
| ૮ | શ્રીમતી જે.જે. કુંડલિયા આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ (અંગ્રેજી માધ્યમ) | ૧૯૭૩ |
| ૯ | લાલ બહાદુર શાસ્ત્રી પ્રાથમિક વિદ્યાલય (અંગ્રેજી માધ્યમ ) | ૧૯૭૪ |
| ૧૦ | કસ્તુરબા કન્યા વિદ્યાલય (હાઈસ્કૂલ ) | ૧૯૭૫ |
| ૧૧ | સદ્ગુરૂ બાલમંદિર | ૧૯૭૬ |
| ૧૨ | સદ્ગુરૂ પ્રાથમિક વિદ્યાલય | ૧૯૭૭ |
| ૧૩ | શ્રીમતી જે.જે. ગ્રેજયુએટ ટીચર્સ કોલેજ | ૧૯૭૭ |
| ૧૪ | લાલ બહાદુર શાસ્ત્રી કન્યા વિદ્યાલય (અંગ્રેજી માધ્યમ) | ૧૯૭૭ |
| ૧૫ | માતુશ્રી આનંદમયી કન્યા વિદ્યાલય | ૧૯૮૨ |
| ૧૬ | શ્રી રાધાબાઇ અકબરી પ્રાથમિક વિદ્યાલય | ૧૯૮૪ |
| ૧૭ | માતુમંદિર હાઈસ્કૂલ (અંગ્રેજી માધ્યમ) | ૧૯૮૫ |
| ૧૮ | માતુમંદિર પ્રાથમિક વિદ્યાલય | ૧૯૮૫ |
| ૧૯ | રમેશભાઇ છાયા બોયઝ હાઈસ્કૂલ | ૧૯૮૬ |
| ૨૦ | શ્રી રમેશભાઇ છાયા કન્યા વિદ્યાલય | ૧૯૮૬ |
| ૨૧ | શ્રી રમેશભાઇ છાયા પ્રાથમિક વિદ્યાલય | ૧૯૮૮ |
| ૨૨ | શ્રી મીનાબેન કુંડલિયા આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ | ૧૯૯૦ |
| ૨૩ | જગદ્ગુરૂ પ્રાથમિક વિદ્યાલય | ૧૯૯૪ |
| ૨૪ | શ્રીમતી જે.જે.કુંડલિયા બી.બી.એ.કોલેજ | ૧૯૯૬ |
| ૨૫ | જગદ્ગુરૂ પ્રાથમિક વિદ્યાલય | ૧૯૯૮ |
| ૨૬ | શ્રીમતી જે.જે.કુંડલિયા બી.સી.એ.કોલેજ | ૨૦૦૦ |
| ૨૭ | જગદ્ગુરૂ ઉચ્ચતર માધ્યમિક વિદ્યાલય | ૨૦૦૦ |
| ૨૮ | શ્રી લાભુભાઇ ત્રિવેદી ઇન્સ્ટીટ્યુટ ઓફ એન્જીનીયરીંગ એન્ડ ટેકનોલોજી | ૨૦૦૯ |



" એક ટકો અધિકાર અને સૌ ટકા જવાબદારી, એ શિક્ષક...! "

મૂળશંકર એમ. ભટ્ટ (હૃદયની કેળવણીનાં કલાકાર) ૧૯૦૭-૧૯૮૪

## સંસ્થાનાં ભૂતપૂર્વ ઘડવૈયા



**ડો. બી.યુ. પારેખ**
(ગણિત)
આચાર્ય



**શ્રી શામજીભાઈ એમ. ઝાલા**
(ઈતિહાસ)
ઈનચાર્જ આચાર્ય



**શ્રી તારાબેન શાહ**
(ગણિત)
આચાર્ય



**ડો. સુહાસીનીબેન શાહ**
(કોમર્સ)
ઈનચાર્જ આચાર્ય



**ડો. જગન્નાથભાઈ ડી. વ્યાસ**
(હિન્દી)
આચાર્ય



**ડો. કુરજીભાઈ એમ. દોંગા**
(ગણિત)
ઈનચાર્જ આચાર્ય



**ડો. શર્મિષ્ઠાબેન વ્યાસ**
(ભૂગોળ)
આચાર્ય



**ડો. પ્રિયકાંતભાઈ એમ. સ્વામિ**
(ગુજરાતી)
પ્રાધ્યાપક



**ડો. કેશુભાઈ વી. રાઠોડ**
(વિજ્ઞાન)
પ્રાધ્યાપક

# સંસ્થાનો અદ્વિતીય અતીત

હાઈકોર્ટમાં સંસ્થાની માન્યતા અંગે સરકારશ્રી સામે વિજયી બનતા ઉજવણીનો ભોજન સમારંભ: ૩૨ પ્રકારના ભોજન આરોગતો કોલેજ પરીવાર.





૧૯૮૯ માં સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, સમગ્ર શિક્ષણ વિદ્યાશાખા સાથે મળી શૈક્ષણિક સેમિનાર : તમામ કોલેજોનાં પ્રિન્સીપાલ અને સો અધ્યાપક મિત્રો સમક્ષ સેમીનારની પૂર્વ ભૂમિકા મૂકતા પ્રિન્સીપાલ તારાબેન શાહ.

રાષ્ટ્રીય શિક્ષણનીતિનો એક માસનો અભ્યાસવર્ગનું સફળતાપૂર્વક આયોજન.





લાભુભાઈ ત્રિવેદી મેમોરિયલ હોલમાં મહાત્મા ગાંધી ચેરીટેબલ ટ્રસ્ટનાં ઉપક્રમે બ્લડ ડોનેટ કરતા પ્રશિક્ષાર્થી તથા પ્રશિક્ષાર્થીને બિરદાવતા ટ્રસ્ટીશ્રી અને અધ્યાપકશ્રીઓ, સહ આયોજક, LIFE બ્લડ બેંક, રાજકોટ.

બ્લડ ગ્રુપ ડિરેક્ટરી સિવિલ હોસ્પિટલની બ્લડ બેંકમાં અર્પણ કરતાં ઈન્ચાર્જ પ્રિન્સીપાલ ડૉ. કે.એન. ઢોંગા અને અધ્યાપિકા ડૉ. દિવ્યાબેન બી. રાવલ





૨૦૧૦ માં શિક્ષણમાં ગુણવત્તા અને નવીનીકરણ પર રાજ્યકક્ષાનો પરિસંવાદ – શિક્ષણ વિદ્યાશાખાનાં ડીનશ્રી ડૉ. ભરતભાઈ રામાનુજ દ્વારા અધ્યક્ષીય ઉદ્બોધન.

વર્ષ ૨૦૦૮માં સંસ્થાની સિલ્વર જયુબિલી ઉજવણીની ઝલક : મુખ્ય મહેમાન શ્રી કમલેશભાઈ જોષીપુરા (વાઈસ-ચાન્સેલર, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી)





વર્ષ – ૨૦૦૯ માં NAAC એક્રેડીશન પ્રક્રિયા હેઠળ સંસ્થાને રીપોર્ટ આપતા NAAC ટીમનાં ડૉ. મલ્હોત્રા સાહેબ તથા ટીમના સભ્યો.

# સંસ્થાનું અદ્વિતીય અતીત

## STARS STUDENTS OF THE COLLEGE

| Sr. No. | Year | Name | Percentage (%) | Rank in Uni. | Rank in College |
|---|---|---|---|---|---|
| 1 | 1982-83 | Dhadhal Parakashba | 82 | 1st | 1st |
| 2 | 1985-86 | Moliya Mansukh | 79.60 | 1st | 1st |
| 3 | 1989-90 | Pundir Alka M. | 87.20 | 1st | 1st |
| 4 | 1990-91 | Kundaliya Mala C. | 88.20 | 1st | 1st |
| 5 | 1991-92 | Bhutak Haresh P. | 88.70 | 1st | 1st |
| 6 | 1992-93 | Shah Smita N. | 90.20 | 1st | 1st |
| 7 | 1993-94 | Phethani Manisha B. | 90.30 | 4th | 1st |
| 8 | 1994-95 | Joshi Nirali A. | 89.80 | 1st | 1st |
| 9 | 1995-96 | Kathiriya Jitendra K. | 84.33 | 2nd | 1st |
| 10 | 1996-97 | Joshi Jasmine | 89.80 | 1st | 1st |
| 11 | 1997-98 | Hapaliya Varsha C. | 89.17 | 1st | 1st |
| 12 | 1998-99 | Mehta Sanjay N. | 95 | 1st | 1st |
| 13 | 1999-2000 | Rankja Komal D. | 92.5 | 1st | 1st |
| 14 | 2000-2001 | Pambhar Ramesh M. | 94 | 1st | 1st |
| 15 | 2001-2002 | Pandit Archana V. | 94.43 | 1st | 1st |
| 16 | 2002-2003 | Chande Usha N. | 96.09 | 1st | 1st |
| 17 | 2003-2004 | Pandya Bhavika G. | 95.73 | 1st | 1st |
| 18 | 2004-2005 | Jetpariya Rajesh M. | 95.05 | 2nd | 1st |
| 19 | 2005-2006 | Benaraji Supriya | 96.90 | 1st | 1st |
| 20 | 2006-2007 | Jotawa Amu R. | 91.70 | 4th | 1st |
| 21 | 2007-2008 | Mulani Gita M. | 93.43 | 1st | 1st |
| 22 | 2008-2009 | Sherasiya Samir I. | 93.71 | | 1st |
| 23 | 2009-2010 | Kaneriya Snehal J. | 90.76 | | 1st |
| 24 | 2010-2011 | Chavda Piyush M. | 93.66 | | 1st |
| 25 | 2011-2012 | Patel Puja P. | 94.17 | | 1st |
| 26 | 2012-2013 | Parmar Aradhana M. | 93.43 | | 1st |

# Overview of the Current Manpower

## Teaching



**Dr.Divya B Raval**
I/C Principal (Sanskrit) M.A.,M.Ed.Ph.D.



**Dr. Parul C. Dave**
Assist. Prof.(Commerce)
M.Com.,M.Ed, Ph.D., GSLET.



**Dr. Nisha C. Raninga**
Assist. Prof. (Science)
M.Sc.,M.Ed.,Ph.D.,GSLET



**Dr. Chirag H. Madhak**
Assist. Prof. (Mathematic)
M.Sc., M.Ed.,Ph.D.



**Dr. Alpesh G. Nakrani**
Assist. Prof. (English)
M.A.M.Ed.,Ph.D.UGCNET.GSET

## Non-Teaching



**Mr. Ashokbhai**
Office Superintendent



**Mrs. Rekhaben L. Sagpariya**
(Lab. Assist.)

## Class-4



**Geetaben Y. Raval**



**Lalitaben G. Muliyana**



**Devjinbhai M. Parmar**

# A Brief View of the Institution



Smt. J. J. Kundalia Graduate Teachers' College is a premier Teacher Education College, established in 1977 affiliated to Saurashtra University and is one of the seven Grant-in-aid B.Ed. Colleges of Saurashtra region. This institute has been approved by NCTE., UGC and Gujarat State Government. The college has undergone NAAC accreditation and accredited Grade "B" with CGPA 2.02 and "AAA" assessment procedure by Gujarat Government and is given "A' grade.

The founder trustee of the college, Late Shri Labhubhai Trivedi, former Pro VC of Saurashtra University, a purely academic and committed person to education. This College offers Training Course leading to the Degree of Bachelor of Education. The institute is co-educational. The college enjoys the unique advantage of a peaceful academic environment. The college possesses an efficient infrastructure which includes spacious and well lit classrooms, Science laboratories and Digital Language Learning lab, library, recreation room, and a spacious play-ground. The most endearing is the hostel for girls conveniently located in the college campus.

**Vision and Mission:**

The core motto of the institute is तमसो मा ज्योतिर्गमय Our vision is to provide good Teachers to Society. Only good teachers give good education only good education enrich Society and Indian Values of Life.

Our mission is to abolish darkness and lead light to society, to nurture the inner potentiality, talents and cultivate strong personality, to promote, establish and protect the subtle spiritual values of life.

**Curricular aspects**

Ours is a Bachelor of Education programme. We prepare teachers professionally strong with value based education. We offer different methods of teaching i.e. Gujarati, Hindi, Sanskrit, English, Mathematics, Science, History, Geography and Accountancy methods.

**Teaching-learning process**

We aim to develop overall personality of teacher, so we give all types of experiences to them. It means skills of teaching, prayer, to handle all the programmes, management of all the things. We also give them teaching of techniques, technology, healthy competition, learning environment, friendly relations, co-operation and punctuality.

**Research consultancy and extension**

Research culture prevails on the campus. Our all the staff members (Five) are Ph.D. degree holders. All the faculty members are actively participating in conferences, seminars and workshop. All the members are U.G. and P.G. recognized teachers.

**Healthy Practices**

Our everyday assembly prayer contains good educational thought, good special reading, Omkar Mantra, Book Review, singing of Vande Mataram, Institute observes all cultural festival, National festivals and develop cultural, Spiritual, National spirit and values. College observes the birthday of all students and gives them a book that inspires them.

" શિક્ષક આદર્શ બની છલકાયા કરે,
વિદ્યાર્થી પડછાયા થઈ મલકાયા કરે."

# Smt J. J. Kundaliya Graduate Teachers' College Rajkot

## Infrastructure


Principal's Office


Administrative Office


Staff Room


Prayer Hall


Computer Lab


Reading Room for Boys


Reading Room for Girls


LCD Projector Room


Library


Psychology Lab


Hostel


Indoor Games

Vision and Mission

| Our Vision | Our Mission |
|---|---|
| • To Provide good Teachers to Society. Only good teachers give good education.<br>• Good Education enrich Society and Indian Values of Life | • To Abolish Darkness and lead Light to Society<br>• To Nurture the Inner Potentiality, Talents and Cultivate Strong Personality<br>• To Promote, Establish and Protect the subtle Spiritual Values of Life |



# Aspergers બાળક અને વેકેશન

*ડો. પારૂલ સી. દેવ, આસી. પ્રોફેસર, શ્રીમતિ જે. જે. કુંડલિયા ગ્રેજયુએટ ટીચર્સ કોલેજ, રાજકોટ.*

વેકેશન– આ શબ્દ જ બાળકોમા ઉત્સાહ પ્રેરે અને માતાપિતામા ચિંતા, કારણ કે દરેક વેકેશનમા બાળકોને કેવી રીતે સંભાળવા એ વિચાર માગી લેતી બાબત છે અને તેમાય જયારે બાળક વિશિષ્ટ પ્રકારનુ હોય ત્યારે આ વિચારમા ચિંતા પણ ઉમેરાય જાય છે.

વિશિષ્ટ પ્રકારના બાળકોનો જે એક પ્રકાર છે. Aspergers Child કે જે Asperge's Disorder થી પીડાય છે. આ બાળકો સાથે વેકેશનનુ આયોજન કરતી વખતે ધ્યાનમા રાખવાની બાબતોની ચર્ચા કરતા પહેલા આ Disorder ને સમજવાનો પ્રયાસ કરીએ.

Asperger's Disorder એ Pervasive Developmental Disorder નો એક પ્રકાર છે. આ એક એવી ખામી છે જેના લીધે બાળકમાં પાયાના કૌશલ્યોનો વિકાસ ધીમો જોવા મળે છે. ખાસ કરીને આ બાળકો સામાજિકીકરણ, પ્રત્યાયન કૌશલ્ય અને કલ્પનાશકિતના સંદર્ભમા અન્ય બાળકો કરતા પાછળ જોવા મળે છે. આ પ્રકારની ખામી ધરાવતા બાળકોનો બુદ્ધિ આંક સામાન્ય અને ભાષા વિકાસ સામાન્યની નજીક હોય છે. તેમ છતા તેઓ ઉંમર વધવાની સાથે પ્રત્યાયનમા મુશ્કેલી અનુભવે છે.

આ ખામી સાથે ઓસ્ટ્રિયન બાળચિકિત્સક Hans Asperger નુ નામ જોડાયેલુ છે જેમણે સૌપ્રથમ ૧૯૪૪મા આ રોગના લક્ષણોનુ વર્ણન કરેલુ હત. આ ખામી ૧૦૦૦ માથી ૨ થી ૬ બાળકોમા જોવા મળે છે. છોકરીઓ કરતા છોકરાઓમા તેનુ પ્રમાણ વધુ જોવા મળે છે. ૨ થી ૬ વર્ષથી વચમા આ ખામીનુ નિદાન થઇ શકે છે. આ ખામી માટે જવાબદાર ચોકકસ કારણ હજુ શોધી શકાયુ નથી. પરતું હાલના તબક્કે વારસો તેના માટે જવાબદાર ગણાય છે. આ ખામી ધરાવતા બાળકને ઓળખવા માટે નીચે જવા કેટલાક લક્ષણો જાણવા જરૂરી છે.

(૧) આ બાળકોમાં સામાજિક કૌશલ્યની ખામી હોય છે. પરિણામે તે અન્ય સાથે આતરક્રિયા કરવામાં મુશ્કેલી અનુભવે છે.
(૨) તેઓ વાતચીત શરૂ કરવામા અને જાળવી રાખવામા મુશ્કેલી અનુભવે છે.
(૩) શરીરના કોઇક અંગનુ સતત હલનચલન કર્યા કરે છે. જેમકે, હાથ ગોળગોળ ફેરવવા, આગળીના ટચાકા ફોડવા વગેરે.
(૪) આ બાળકો અન્ય સાથે વાતચીત કરતી વખતે eye contact સ્થાપિ શકતા નથી.
(૫) ચહેરાના હાવભાવ, શરીરની ભાષા, ચોકકસ મુદ્રાઓ વગેરે સમજવામા મુશ્કેલી અનુભવે છે.
(૬) હલનચલન સમયે અંગોનુ યોગ્ય સંકલન કરી શકતા નથી.
(૭) તેમના રસના ક્ષેત્રો મર્યાદિત હોય છે.

આ પ્રકારના બાળકોની વિશિષ્ટ જરૂરિયોતો હોય છે અને તેમના માટે વિશિષ્ટ કાળજી જરૂરી હોય છે ત્યારે તેમની સાથેનુ વેકેશન વધુ આનંદદાયી, ફળદાયી અને યાદગાર બનાવવા માતાપિતાએ નીચેની બાબતો ધ્યાનમા રાખવી જોઇલએ.

- આ પ્રકારના બાળકો રોજીંદી જીવનશૈલીમા આવતા ફેરફારોને એકદમ સ્વીકારી શકતા નથી માટે વેકેશનમા પણ જયારે પ્રવાસમા હો ત્યારે રોજિંદી દિનચર્યા શકય તેટલી જાળવી રાખો એન તેમા આવનાર ફેરફાર માટે બાળકને અગાઉ થી જ માનસિક રીતે તૈયાર કરો.
- આ બાળકો બદલાતા વાતાવરણ, ભીડ અને અવાજમા stress અનુભવે છે આથી વેકેશનનો સમય વીતાવવા જે સ્થળની પસદગી કરો તેના વિશે પૂરતી તપાસ કરો. ત્યા મળતી સેવાઓ, ત્યા આવતા મુલાકાતીઓ અને તમારી જરૂરીયાતો વિગતે ચકાસો.
- અન્ય લોકો કરતા અલગ સમય પસંદ કરો કે જયારે જે તે સ્થળે ભીડ ઓછી હોય. જેમકે, બીચ પર વેહલી સવારે કે ઢળતી સાંજે જવુ. થીમ પાર્કમાં વેકેશનની શરૂઆત કે અંત ભાગમાં જવું. મ્યુઝિયમમા વહેલી સવારે જવુ વગેરે. જેથી શાત વાતાવરણમા આ બાળકો વધુ આનંદ મેળવી શકે.
- વેકેશન દરમિયાન વિશિષ્ટ બાળકો સાથે ફરતા કેટલીક વાર અણગમતા અનુભવો, અણગમતી મજાક–ટીકા ટીપ્પણ થવાની શકયતા છે. અહીં સપૂર્ણ સ્વસ્થ રહી બાળકને અન્ય પ્રવૃત્તિમા જોડી દો.

" કેળવણીનો માપદંડ માણસાઇ છે... "



પ્રભાશંકર ત્રિવેદી (શિક્ષણનાં શિલ્પી) ૧૯૧૦-૧૯૯૩

- વેકેશનનુ આયોજન કરતા સમયે જ તમારુ આ વિશિષ્ટ બાળક કઇ પ્રવૃત્તિમાથી કંઇક શીખી શકશે અને શામાથી તેને આનંદ મળશે તે વિચારી સમગ્ર આયોજન કરો.
- થોડા સમયમા વધુ સ્થળો જોવા કે એક જ દિવસમા વધુ પ્રવૃત્તિ કરવી તેવા જટિલ આયોજન ન કરો. તમારા બાળકની મરજી પ્રમાણે ફેરફાર કરી શકો તેવુ સમયપત્રક ગોઠવો.
- તમારી રોજની પ્રવૃત્તિ, જોયેલા સ્થળો વગેરેના ફોટોગ્રાફસ તૈયાર કરી તેનુ સંકલન કરો. તેની મદદથી બાળક અન્ય પાસે પ્રવાસનુ વર્ણન કરશે. પરિણામે તેનુ પ્રત્યાયન કૌશલ્ય વિકસસે.
- બાળકને અમુક વસ્તુઓ પોતાની સાથે હોય તો વધુ આરામદાયક પરિસ્થિતિ અનુભવાતી હોય છે. તેવી ખાસ વસ્તનુઓ સાથે રાખો.
- ભવિષ્યમા જે પ્રવૃત્તિઓ કરવાની છે, જે સ્થળોએ જવાનુ છે તેને વાતચીતમા સતત વણી લો જેથી આવનારી નવી પરિસ્થિતી પ્રત્યે બાળક માનસિક રીતે સજજ થઇ શકે.
- વેકેશનનો પ્રવાસ શા માટે, કયા કોની સાથે, કયારે આ બધા પ્રશ્નોના જવાબ રૂપે **website** ની મદદ થી સ્થળોના ફોટા મેળવી નાનકડી સામાજિક વાર્તા રચો જેમા બાળક પોતાની ભૂમિકા સમજી શકે.
- આ બાળકો ઝડપથી તણાવગ્રસ્ત થતા હોય છે. આથી જેટલો સમય તેની સાથે હો ત્યા સુધી માનસિક રીતે હળવા, ચિંતામુકત અને શાત રહો. રમૂજવૃત્તિનો સતત ઉપયોગ કરો. આ બધાને લીધે બાળક માનસિક સ્વસ્થતા રાખી શકશે.
- આ પ્રકારના બાળકો માટે આયોજન વિનાની કોઇપણ પ્રવૃતિ અત્યંત તણાવભરી બની રહે છે. આથી વેકેશન એટલે રોજિંદી ઘટમાળને તદ્દ્ન વિદાય અને જેમ કરવુ હોય તેમ કરતા રહેવાની સ્વતત્રતા ન અપનાવો.

ખૂબ લાંબા સમયગાળાના બદલે ટૂંકા ટૂંકા વેકેશનનુ આયોજન કરો જેથી આ પ્રકારના બાળક માટે જરૂરી પરિસ્થિતિ ઊભી કરી શકાય.

વેકેશનનો ખરો આનદ પ્રવૃત્તિવિહીનતામા નથી પણ રોજિંદી પ્રવૃત્તિઓના સ્થાને કંઇક અલગ, નવીન, રોમાંચક કરવામા છે તેની પ્રતીતિ તમારા **Aspergers** બાળકને કરાવો અને તેની ન્યૂનતાને આનંદથી ભરી દો.

**જન્મ દેનાર પિતા,**
**વિદ્યાદાન કરનાર શિક્ષક,**
**યજ્ઞોપવિત કરનાર ગુરુ,**
**અન્નદાતા અને ભયથી મૂકત રાખનાર**
**આ પાંચ વ્યકિત પિતા સમાન છે.**

" હિન્દુસ્તાનને જીવતા સમય અર્પણ કરી દેનાર સેવકો જોઇએ છે.
નહી કે કુરસ દે અને સગવડે કામ કરનારાઓ... "



**ઠકકરબાપા (દરિદ્ર - દુઃખિયાના બેલી) ૧૮૬૯-૧૮૫૧**

 

# કેળવણીઃ સર્વાંગી વિકાસનું માધ્યમ

*ડો. નિશા સી. રાણીંગા (આસીસ્ટંટ પ્રોફેસર) શ્રીમતિ જે.જે. કુંડલિયા ગ્રેજ્યુએટ ટીચર્સ કોલેજ, રાજકોટ.*

વૈદિક કાળથી વ્યકિત અને સમાજના દરેક અંગોનો વિકાસ કેળવણીના માદ્યમથી જ થયો છે. વેદકાળમાં ઋષિઓએ શારીરિક કાર્યો કરાવી વ્યકિતનો શારીરિક વિકાસ કરતા સંસ્કોરોનુ પ્રદાન કરી તેનુ ચારિત્ર્ય ઘડતર કરતા તો વળી વિવિઘ સ્પર્ઘાઓનુ આયોજન કરી આત્મબળ વઘારવાનો પ્રયત્ન કરતા ત્યારપછીના બૌઘકાળમા નજર કરીએ તો ત્યારે પણ યુદ્દઘવિદ્યા, કૃષિ વિદ્યા, ખગોળ વિદ્યા, ત્રિકાળ વિદ્યા, નામુ, દસ્તાવેજ વિદ્યા જેવી કેટલીય વિદ્યીઓ, જ્ઞાન, સંગીત, ચિત્ર, નૃવ્ય જેવી અડસઠ કલાઓ દ્વારા કેળવણી વિકાસનુ માદ્યમ બની રહી હતી.

વર્તમાન યુગમા માટે ભાગે સમાજની એકંદર સમજ એવી છે કે ખાસ કરીને માત–પિતા એવુ માને છે કે વઘુ ગુણાંક કે વઘુ ટકા સંતાન મેળવે એટલે વઘુ હોંશિયાર છે. સર્વોચ્ચ ગુણાંક મેળવનારા સંતાનોની અભિવ્યકિત અને કૌશલ્ય અંગે માતા–પિતા પૂરો રસ લેતા નથી. શિક્ષણ આપવાનુ કાર્ય મુખ્યત્વે શિક્ષકનુ ગણાવ છે. જયારે કેળવણી એ એક વ્યાપક વિચાર છે. જે ઘરમા માતા–પિતા, વડીલો નીતી મૂલ્યનુ શિક્ષણ આપવામા નિષ્ફળ જાય ઉદાસીન રહેતા શિક્ષકો, અદ્યાપકો આ જવાબદારી નિયત સમયમા કઇ રીતે નિભાવી શકે! કેળવણી સાથે પરંપરાગત સંસ્કારો, ઉછેર, આસપાસનુ વાતાવરણ, સામાજિકીકરણ વગેરે અનેક બાબતો ભાગ ભજવે છે. તેમા માતા–પિતા વડીલો, કુંટુબના સભ્યો, કૌટુબિક વાતાવરણ, સંસ્કારો, પ્રકૃત્તિ, ઉંમર વગેરેની ભૂમિકા મહત્વની હોય છે. શિક્ષણ પામ્યો હોવાની સાબિતી માણસની ડિગ્રી કે પરિણામ હોય છે. પરતુ કેળવણી પામ્યો છે કે નહીં તે તેના વાણી, વર્તન, વિચાર, રીતભાત અને કાર્ય પરથી જણાવ છે. અને આ બઘુ ઘડતર માત્ર શિક્ષક દ્વારા શકય નથી. ઘરના–કુટુંબના સભ્યોના વ્યવહારોની આજનુ સંતાન પૂર્ણ જાગૃત બને છે. માતા–પિતાની ભૂમિકા ‘‘જન્મદાતા’’ની જ નહી પણ ‘‘જીવનદાતા’’ની પણ છે.

કેળવણી વ્યકિતત્વને ઓમ આપવાનુ કામ કરે છે. જયારે શિક્ષણ જ્ઞાન અને માહિતી આપે છે. આ બંને પ્રક્રિયા સાથે વ્યવસ્થિત ચાલે ત્યારે સુંદર પરિણામ આવે છે. કેળવણીથી જ બાળક નુ સાચુ અને સંપૂર્ણ ઘડતર થાય છે. તેનામાં સમજણ કેળવાય છે. અને કોઠાસૂજ વઘે છે. ખરી કેળવાય છે અને કોઠાસૂઝ વઘે છે. ખરી કેળવણી જે માણસને મળી છે તે માણસનુ શરીર એવુ કેળવાયુ છે કે તેના અકુશમા રહી શકે છે, તે શરીર ચેનથી અને સરળતાથી તેને સોમાયલુ કામ કરે છે. કેળવણી સાઘના છે. કેળવણી એટલે સમ જીવનને કેળવવાની સાઘના છે. કેળવણી એ વિદ્યા સેતું છે. જેમા સારા મનથી ને સદ્બુદ્ધિથી સંસારની વિષમતાને પાર કરી શકાય છે. કેળવણીનુ મુખ્ય દયેય આદર્શ માનવ બની પોતાના કુટુબ તથા રાષ્ટ્રને ઉપયોગી બનેએ મહત્વનુ છે. અંતમા, કેળવણી કહે છે......

‘‘ હું સત્તાની દાસી નથી,
કાયદાની દિકરી નથી ,
વિજ્ઞાનની સખી નથી,
કલાની પ્રતિહારી નથી,
અર્થશાસ્ત્રની બેદી નથી,

હું તો ઘર્મનુ પુનરાગમન છું
મનુષ્યના હદય, બુદ્ધિ તેમજ તમામ ઇન્દ્રિયોની સ્વામીની છું.
માનસશાસ્ર અને સમાજશાસ્ર એ બે મારા પગ છે.
કલા અને હુન્નર મારા હાથ છે.

વિજ્ઞાન મારું મસ્તક છે.
ઘર્મ મારું હદય છે.
નિરીક્ષણ અને તર્ક મારી બે આંખો છે.
ઇતિહાસ મારા કાન છે.
સ્વાતંત્ર્ય મારો શ્વાસ છે.
ઉત્સાહ અને ઉદ્યોગ મારા ફેફસા છે.
ઘીરજ મારું ચૈતન્ય છે. શ્રઘ્ઘા મારું ચૈતન્ય છે.
મારી ઉપાસના કરનાર બીજા કોઇના ‘‘ઓશિયાળો’’ નહીં રહે.



# ચુંબકીય વ્યકિતત્વનો સ્વામીઃ શિક્ષક

પ્રા.ઈલા પી.વિરાણી ખંડસમયના પ્રાધ્યાપક શ્રીમતી જે. જે. કુંડલિયા ગ્રેજ્યુએટ ટીચર્સ કોલેજ, રાજકોટ

''આંખમા વિહગના માળા હશે,
એ દહાડા ખૂબ રૂપાળા હશે.''

ઉપયુર્કત પંકિતઓ શિક્ષક અને શિક્ષણજગત માટે બિલકુલ બંધ બેસતી છે. શિક્ષકે દિવ્યચેતનાના વાહક બનવાનુ છે. પોતાના વર્તનથી, પોતાની વાણીથી, અને પોતાની પ્રભાવક હાજરીથી બાળકીમા રહેલી સુષુપ્ત ચેતનાને–દિવ્યશકિતને જગાડવાની છે. એ જ શિક્ષકનુ કર્તવ્ય છે. બાકી કેળવણીનુ કામ આપોઆપ સહજપણે થતુ હોય છે.જેમ ખેડૂત 'બી'વાવે છે :પછી તેને ખાતર અને પાણી આપી એ 'બી' ને ઉગવામા સહાય કરે છે. પણ ઉગવાની અને પછી તેના વિકસવાની પ્રક્રિયાતો આપોઆપ થતી રહે છે. તે ક્રિયા ખેડૂત કરાવી શકતો નથી શિક્ષકનુ કર્તવ્ય પણ ખેડૂત જેવુ છે. તેણે ઉગતા છોડ જેવા બાળકોને વિકસવા માટેનુ વાતાવરણ આપવાનુ છે, તર્ક આપવાની છે, વિદ્યાર્થીમા પડેલી સુષુપ્ત શકિતઓને જગાડવાની છે અને પછી જુઓ ચમત્કાર એક દિવસ આ નાનો અમથો છોડ લહેરાઈ ન ઉઠે તો કહેજો.

મિત્રો શિક્ષકમા ચુંબકત્વ હોવુ જરૂરી છે. એક વખત એક લોહચુંબકે ભગવાનના દરબારમા ફરિયાદ કરી , ભગવાન ! તમારા નિયમો તો અફર છે. કોઈ દિવસ તૂટતા નથી હુ વર્ષોથી લોહચુંબક તરીકે જીવુ છું. પેલી જુનિયર મોસ્ટ ટાકણી મારી સામે જ પડેલી છે, છતા મારા તરફ આકર્સવાની નથી. ભગવાન વિચારમા પડી ગયા. ટાકણી લોહચુંબક પાસે પડેલી હોય છતા લોહચુબક આકર્ષે નહી તો ચુબકત્ત્વના નિયમો ખલાસ થઈ જાય. તો આ પૃથ્વી ચાલશે કેમ?

એમણે એક કમિશન નીમ્યુ ચેરમેન તરીકે નારદમુનિને મૂકયા નારદમુનિએ આખી પૃથ્વીનો ફેરો લગાવ્યો. પછી પોતાનો રિપોર્ટ રજૂ કર્યો. રિપોર્ટમા એમણે ભગવાનને કહ્યુ કે તમારા નિયમો અંગે મેં પૂરેપૂરી તપાસ કરી છે. નિયમોને કોઈ વાંધો આવ્યો નથી. બધી તપાસના અંતે મને લાગે છે કે જ ચુંબક છે, તેણે પોતાનુ ચુંબકત્વ ખોઈ નાખ્યુ છુે

તેમનામા ચુબકત્વ શકિત ખલાસ થઈ ગઈ છે. લોખંડની ટુકડો લોહચુંબક હોવાના ખોટા વહેમમા છે. શિક્ષક જયારે શિક્ષકત્ત્વ ખોઈ બેસે છે ત્યારે વિદ્યાર્થીને તે આકર્ષી શકતો નથી. શિક્ષકમા ચુબકત્વ શકિત હોય તો જ વિદ્યાર્થીને તે આકર્ષી શકતો નથી, શિક્ષકમા નિર્માણ કરી શકે છે.

તો ચાલો આપણે, આપણા ચુંબકત્ત્વને બચાવીએ, વિકસાવીએ અને વિસ્તારીએ....

''તુ શાહીન હૈ પરવાઝ હૈ કામ તેરા તેરે વાસ્તે આસ્મા ઔર ભી હૈ.''




'' શિક્ષણ અને સંસ્કારનો મૂળ પાયો પ્રેમની ગંગા છે, ભય હોય ત્યાં પ્રેમ સંભવી શકે નહી
અને જ્યાં પ્રેમન હોય ત્યાં શિક્ષણની વાણી અસર કરી શકે નહી... ''



મનસુખભાઈ જોબનપુત્રાઃ (શારદાગ્રામનાં શિલ્પી) ૧૮૯૮-૧૯૭૪

# વ્યક્તિ વિશેષની સાથે...



શ્રી લાભુભાઇ ત્રિવેદી એન્જીનીયરીંગ કોલેજનુ ખાત મુહુર્ત કરી રહેલ પરમ પૂજ્ય શ્રી મોરારી બાપુ.




ભારતના મિસાઈલમેન ડો.એ.પી.જે. અબ્દુલ કલામનો યુવાનો સાથેનો સંવાદ.



ટ્રસ્ટ આયોજીત કાર્યક્રમમાં ભાગ લેવા પધારેલ ભારતની ટેલીકોમ્યુનિકેશન ક્રાંતિના પ્રણેતા ટેકનોક્રેટ સામ પિત્રોડાને સત્કારતા શ્રી લાભુભાઇ ત્રિવેદી







વ્યાખ્યાનમાળા કાર્યક્રમમાં ભાગવતકાર પૂ. ભાઈશ્રી રમેશભાઇ ઓઝા, સુપ્રસિધ્ધ રામાયણી પૂજ્ય શ્રી મોરારીબાપુ, ભારતીય સંસ્કૃતિના જ્યોર્તિધર પૂ.સ્વામી શ્રી સચ્ચિદાનંદજી, ગુજરાત વિદ્યાપીઠના કુલપતિ શ્રી રામલાલ પરીખ, મુંબઇ હાઇકોર્ટના મુખ્ય ન્યાયમૂર્તિ શ્રી ચંદ્રશેખર ધર્માધિકારીજી, ભારતના વરિષ્ઠ પત્રકાર શ્રી પ્રભાસ જોષીજી જેવા વિશિષ્ટ વ્યકિતઓ અને વિદ્વાનોએ પ્રવચન આપેલા છે.

## પ્રવેશોત્સવ

તા. ૨૫-૬-૨૦૧૨ પ્રથમ દિવસે પરિચયઃ
નવા પ્રશિક્ષણાર્થીઓને સહર્ષ આવકારતા પ્રાચાર્યાશ્રી અને અધ્યાપકો






## શૈક્ષણિક કીટ વિતરણ

તા. ૨૫-૬-૨૦૧૨ કોલેજના જ પ્રાંગણમાં જ કાર્યરત પ્રાથમિક શાળાના
ભૂલકાઓને પ્રાચાર્યાશ્રી દ્વારા શૈક્ષણિક કીટ વિતરણ દ્વારા આવકાર




## ઝવેરચંદ મેઘાણી જન્મજયંતિ

તા. ૨૫-૮-૨૦૧૨ લોકસાહિત્યનો રસાસ્વાદઃ ઝવેરચંદમેઘાણી જન્મ જયંતિ
નિમિતે દુહા છંદ અને લોક ગીતોની રમઝટ બોલાવતા અધ્યાપકો અને પ્રશિક્ષાર્થીઓ.




## ગુરુ-પૂર્ણિમા

**તા. ૩-૭-૨૦૧૨** જીવનમાં જ્ઞાનનો દિપ પ્રગટાવનાર ગુરુનુ પૂજન કરવાનો દિવસ એટલે ગુરુ-પૂર્ણિમા કોલેજના સ્ટાફ ગણ તથા પ્રશિક્ષાર્થીઓ દ્વારા ગુરુ મહીમાનુ રસપાન







## સંસ્કૃત દિવસ

**તા. ૨૫-૮-૨૦૧૨** ભાષાઓની જનની સંસ્કૃતઃ 'દિવ્ય ભાસ્કર'ના ઈવેન્ટ મેનેજર ભુષણ શાહની ઉપસ્થિતિમાં સંસ્કૃત દિવસની ઉજવણી.







## પરિચય પ્રવાસ

તા. ૧-૯-૨૦૧૨

પ્રકૃતિના ખોળેઃ પરિચય પ્રવાસ આનંદ સાથે પ્રશિક્ષાર્થીઓ અને અધ્યાપકો વચ્ચે પરિચયનો સેતુ એટલે પરિચય પ્રવાસ દાળેસ્વર મહાદેવના સાનિધ્યમાં સ્વચ્છતાનુ સમાજ કાર્ય કર ખંભાલીડાની ગુફાઓમાં ભ્રમણ કરતા ભાવી શિક્ષકો.














## હિન્દી દિન

**તા. ૧૪-૯-૨૦૧૨ ભારતના નાગરિકો તરિકે હિન્દી દિવસની ઉજવણી કરી રાષ્ટ્ર ભાષાને સન્માનનીય ફરજ અદા કરતા અધ્યાપકો અને પ્રશિક્ષાર્થીઓ.**









## નશાબંધી સપ્તાહ

**તા. ૩-૧૦-૨૦૧૨ યુવાનોને નશાબંધી અંગે જાગૃત કરી સશકત યુવાધન સમાજને અર્પણ કરવા નશાબંધી ખાતાના અધિકારી શ્રી અનવરભાઈ ઠેબાના અધ્યક્ષ સ્થાને વકતુત્વ સ્પર્ધા જેમા ડો. અલ્પેશ નાકરાણી અને ડો. નિશા રાણિંગા નિર્ણાયકની ભૂમિકામાં...**










## નવરાત્રી રાસોત્સવ

**તા. ૨૪-૧૦-૨૦૧૨**
**શકિતની સાધના: માં જગદંબાની આરાધના અને રાસ ગરબામાં મસ્ત કોલેજ પરિવાર**






## આરતી થાળી, ગરબા અને દાંડિયા શણગાર

**તા. ૨૪-૧૦-૨૦૧૨ શ્રી માતાજીની આરાધના સુશોભિત આરતી થાળી, ગરબા અને દાંડીયા દ્વારા પોતાનો ભકિતભાવ પ્રગટ કરતા પ્રશિક્ષાર્થીઓ.**






## યુવક મહોત્સવ

**વિશ્વવિદ્યાલયના ફલક પર અભિનયના ઓજસઃ સૌરાષ્ટ્ર યુનિવર્સીટી આયોજીત યુવક મહોત્સવમાં નાટ્ય કૃતિ રજુ કરતા પ્રશિક્ષાર્થીઓ.**






## બાયોસ્કોપની બારીએથી

**LIFE OF PIE ફિલ્મના રોમાંચ સાથે વિવેચનાત્મક દ્રષ્ટિકોણ વિકસાવતા પ્રશિક્ષાર્થીઓ.**





## વસ્ત્રદાન અભિયાન

**તા. ૨૫-૧૧-૨૦૧૨ 'દિવ્ય ભાસ્કર'ના સાદને સુણી થર-થરતા હોઠને હુંફનુ સ્મીત આપવાના પ્રયાસ તરીકે વસ્ત્રદાન અભિયાનમાં સાથ પૂરાવતો કોલેજ પરિવાર.**









## યુવા જગતને ઢંઢોળતી એઇડ્સ જાગૃતિ રેલી

તા. ૧-૧૨-૨૦૧૩
એકવીસમી સદીનાં મહારોગ એઈડ્સથી બચવા સામાજીક જાગૃતિ ફેલાવતા અને એઈડ્સ પ્રિવેન્શન કલબના પ્રેસીડેન્ટ અણુભાઈ દવેનુ માર્ગદર્શન મેળવતા પ્રશિક્ષાર્થીઓ.






## વૃક્ષારોપણ

તા. ૧૭-૧૨-૨૦૧૨ કોલેજના પ્રાંગણને લીલુ છમ્મ બનાવી પર્યાવરણ સંરક્ષણમાં વૃક્ષારોપણ દ્વારા પોતાનુ યોગદાન આપતા અધ્યાપકો તથા પ્રશિક્ષાર્થીઓ.






## વર્ગ સુશોભન

**તા. ૧૦-૧૧-૨૦૧૨**
**વર્ગ એટલે શિક્ષકનુ સ્વર્ગ: પોતાના વિષયના વર્ગને સ્વચ્છ કરી સુશોભિત કરતા પ્રશિક્ષાર્થીઓ તથા તેમને બિરદાવતા અધ્યાપકો**








## ગીતા જયંતિ

**તા. ૨૪-૧૨-૨૦૧૨ કોલેજના ભારતીય સંસ્કૃતિનો પ્રાણ: ભગવદ્ ગીતા ગીતા જયંતિ નિમિત્તે શ્રી કૃષ્ણનો સંદેશ પ્રશિક્ષાર્થીઓ વચ્ચે વહેચતા આચાર્ય**





વર્ષ ૨૦૧૨-૧૩ પ્રવૃત્તિઓનો ઝળકાર

## રંગોળી સ્પર્ધા

તા. ૧૦-૧૨-૨૦૧૨

**પોતાની લાગણીઓને રંગબેરંગી રંગોળી દ્વારા વાચા આપતા ભાવિ શિક્ષકો.**








## વિજ્ઞાન વિશ્વની સફરે

તા. ૯-૨-૨૦૧3 રાજકોટ લોક વિજ્ઞાન કેન્દ્રની મુલાકાત દ્વારા વિજ્ઞાન અભિમુખ થતા પ્રશિક્ષાર્થીઓ.







## શૈક્ષણિક પ્રવાસ

તા. 3-3-2013 થી ૯-3-2013

આપણા ભવ્ય ઐતિહાસિક અને પ્રાકૃતિક વારસાનો પરિચય થાય તે હેતુથી સાપુતારા, નાસીક, ત્ર્યંબકેશ્વર, શિરડી, શનિદેવ, દોલતાબા, ઔરંગાબાદ, ઈલોરા, કેવડીયા કોલોની, શુલપાણેશ્વર વગેરે સ્થળોએ કોલેજના તમામ સ્ટાફ અને પ્રશિક્ષાર્થીઓએ પ્રવાસ માણ્યો હતો.










## લાભુભાઈ ત્રિવેદી પૂણ્ય તિથી

તા. ૨૯-૧૨-૨૦૧૨ સંસ્થાના આધસ્થાપક સ્વ. શ્રી લાભુભાઈ ત્રિવેદીની પૂણ્ય તિથી નીમીતે ભાવાંજલી.







મથર ઉષા
પરિક્ષાર્થી
વર્ષ : ૨૦૧૨-૧૩



## FOR MEANIGFUL AND EFFECTIVE TEACHING A TEACHER CAN DO...
## અર્થપૂર્ણ અને અસરકારક અધ્યાપન માટે શિક્ષક કરી શકે...

*ડો. ચિરાગ એચ. માઢક (આસીસ્ટંટ પ્રોફેસર) શ્રીમતિ જે. જે. કુંડલિયા ગ્રેજ્યુએટ ટીચર્સ કોલેજ, રાજકોટ.*

ડો. સર્વપલ્લી રાધાકૃષ્ણ એટલે સર્વાંગિક શિક્ષકો માટે એક કર્મયોગી પુરૂષ... આ કર્મયોગને વાગોળવાનો...સમજવાનો... અને અનુસરવાનો પ્રયાસ કરીએ તો વર્ગકાર્યની અસરકારકતા અને શિક્ષણકાર્યની અર્થપૂર્ણતાની ગુણવતા અનેકગણી વધી જાય.

ગુણવતા તરફનું આ ડગલુ ડો. સર્વપલ્લી રાધાકૃષ્ણને અર્પણ...

વિશ્વફલક પર પોતાની શાળાનાં વિદ્યાર્થીઓને શ્રેષ્ઠતમ સ્થાન પર આરૂઢ કરાવવા કેટલીક શાળાના આચાર્યશ્રીઓ અને શિક્ષકોએ કમર કસવાનું શરૂ કર્યુ છે. મુર્છાવસ્થામાં સ્થગિત શિક્ષણપ્રણાલીને ચેતનવંતિ, થનગનતી અને વિવિધતા સભર બનાવવા ઘણા શિક્ષણ શાસ્ત્રીઓ અને સમાજચિંતકો સતત કાર્યરત રહયા છે.

વિદ્યાર્થીઓના સર્વાંગિણ વિકાસના વિવિધ પાસાનું સુયોગ્ય ઘડતર થાય તે સમગ્ર શિક્ષક આલમનું કર્તવ્ય છે. આ કાર્યને પરીણામલક્ષી બનાવવા તરફ આપણે અડગ પગલા ભરી ચુકયા છીએ... ત્યારે સમાજની અપેક્ષા શિક્ષણને ગુણવતા સભર બનાવવાનો સમય પાકી ગયો છે.

ગુણવતા તરફની ઉર્ધ્વગતિની શરૂઆત આપણી પાસે આપણા સર્વ વિદ્યાર્થીઓના વાલી (પિતા)નું પ્રતિનિધિત્વ કરતા અબ્રાહમ લિંકનના પત્રથી કરીએ...

‘‘શાળામાં આવતા પહેલા બાળક પોતાનો રાજા હતો. આજુબાજુના આંગણાનો સરદાર હતો. વળી એની ઈચ્છા સંતોષવા હું(અબ્રાહમ લિંકન) હાજર હતો. પણ હવે એ કામ તમારે (શિક્ષકે) કરવાનું છે. જીવનનો પોતાનો લય છે. બાળકમાંએ લયને એની મેળે લહેરાવા દેવાનું કામ શિક્ષકોએ કરવાનુંછે.’’

ઉપરોકત બાબતે વિચાર કરતા સમજાશે કે જ્યારે પરીવર્તન માત્ર ચિરસ્થાયી છે તેવા સમયે મંદિરોનો જીર્ણોદ્ધાર થાય અને પુજારી એવાને એવા રહે, તોપ બદલાય અને તોપચી એવો ને એવો રહે એમ આવતી કાલનું શિક્ષણ બદલાય અને શિક્ષક ન બદલાય તો તે પરીવર્તનનો શો અર્થ???

શિક્ષકના વિકાસશીલ પરીવર્તનમાં મહત્વની ભૂમિકા ભજવતા બે માધ્યમોમાં

(૧) વાંચન, ચિંતન અને મનન

(૨) E-LEARNING (USE OF INTERNET)

(૧) વાંચન, ચિંતન અને મનન

અહિ શિક્ષકે વાંચવા જેવા પુસ્તકોની યાદી આપની સમક્ષ મુકવાની ઈચ્છા છે.

- દ્રઢ ઈચ્છાશકિત, આંતરમનની શકિત વિકસાવતા પુસ્તકો..
  - આંતરમન એજ કલ્પવૃક્ષ : ગિજુભાઈ ભરાડ
  - અલ્કેમીસ્ટઃ પોલો કાએલો
  - THE SECRET : રોન્ડા બર્ન
  - BEYOND THE SECRET
  - પ્રેરણાનું ઝરણું : જીતેન્દ્ર અઢીયા
- **શિક્ષકમાં શિક્ષકત્વને પ્રગટાવનારા...ઉજાગર કરનારા પુસ્તકો....**
  - અંગદનો પગઃ હરેશ ધોળકીયા
  - શિક્ષક અને વિદ્યાર્થીઃ નામ વગરના
  - સગપણઃ હર્ષદ પંડ્યા
  - સમર હીલઃ એ. એસ. નીલ
  - શિક્ષણ : ચિંતા અને ચિંતનઃ ડો. દક્ષેશ ઠાકર
  - ચિકન સુપ ફોર ધ સોલઃ આદીત્ય વાસું

‘‘ લાલ શાહીથી સુધારેલી ભૂલો બાળકને સુધરવાની તક પૂરી પાડવા કરતાં ભણતર તરફ અણગમો ઉભો કરે. એ કેળવણી ન કહેવાય... ’’



**ઝીણાભાઇ દેસાઇ (સ્નેહનાં રશ્મિ પ્રસારનાર વિદ્યાપુરુષ) ૧૯૦૩-૧૯૯૧**

- **શિક્ષકને પ્રસંગોચિત વકતવ્ય**
  - શાંત તોમાર છંદ :રમેશ સંઘવી
  - અમીઝરણા : રમેશ સંઘવી
  - એક ઘડી આધી ઘડી : રમેશ સંઘવી
  - આઇ. કે. વીજળીવાળાની પુસ્તક શ્રેણીઓ
  - મહેશ દવેની  પાંદડે પાંદડે... પુસ્તકશ્રેણીઓ
  - પ્રસાદઃ મહેન્દ્ર મેઘાણી

પુસ્તકોની યાદી તો વિશાળ છે પણ લેખની મર્યાદાને લીધે....આ ગાગરમાં જ સાગર ગણી લેવો પડશે...

(૨) E-LEARNING (USE OF INTERNET)

IMPORTANT WEBSITER FOR TEACHERS AND STUDENTS...

http://marugujarat123.blogspot.in/
http://www.mehulrathava.com/p/main-page.html
http://www.rijadeja.com/
http://www.gujaratikavita.com/
http://shalasetu.co.in/
http://www.bgmahant.blogspot.in/
http://jitugozaria.blogspot.in/
http://abhyaskram.blogspot.in/
http://prashantgavaniya.blogspot.in/
http://dabhiraj.yolasite.com/

દુનિયામાં સમગ્ર જીવસૃષ્ટિ પરત્વે વૈવિધ્ય અને ભિન્નતા પ્રવર્તે છે. ત્યારે મનુષ્ય આદીમાનવથી અવકાશના આટાફેરા કરતો થયો છે ત્યારે કેળવણીના પ્રશ્નો અતિ મહત્વના બની રહયા છે. શિક્ષણ જગત અને શિક્ષકે તેની ચાલ સાથે કદમ મિલાવ્યે જ છુટકો જો અસ્તિત્વ ટકાવી રાખવું હોય તો. અસ્તિત્વ ટકાવવાની આ વૈશ્વિક પ્રક્રિયામાં વિદ્યાર્થીની ... શિક્ષકની ... અને શિક્ષણ જગતની  વિજય હો વિજય હો વિજય હો...





# Who will Cry when a Teacher Dies?

**Dr.Alpesh G. Nakrani (Assist.Prof.)** *Smt. J.J. Kundalia Graduate Teachers' College, Rajkot.*

Recently I read a book namely *"Who will cry when you die?"* by'RdBin Sh&rma and'the idea within the book inspired me to relate it with the life of a teacher. In the book, the writer quoted his father saying " Son, when you were born, you cried while the world rejoiced. Live your life in such a way that when you die the world cries while you rejoices." My question is ***Who will Cry when a Teacher Dies?'*** Henry Adams rightly said "A parent gives life, but as parent, gives no more. A murderer takes life, but his deed stops there. A teacher affects eternity; he can never tell where his influence stops." Such is the power of a teacher but how many of us have used it to our potential to make us memorable for ages. Looking at the people who have been lauded as great teachers may help us understand how should be a life of a teacher? How should be his relation with the students and what should be his duties as a teacher What do they do differently than others to make that special connection with their students?

